પૂર્વછાયો- વળી કહું એક વારતા, સાંભળી છે સુંદર સોય ।
સામર્થી શ્રીમહારાજની, સાંભળજ્યો સહુ કોય ॥૧॥
સત્સંગ સૂર્ય સમ શોભિયો, અજ્ઞાની ઉલુક થયા અંધ ।
મુક્ત જક્તમાંહિ જોઈને, બળી ઉઠ્યા માયાના બંધ ॥૨॥
તેણે ઉપાધી આદરી, કરે સાધુને સંતાપ ।
મનસુબો કરે મારવા, એવું પાપીને મન પાપ ॥૩॥
સંત ફરે સર્વે દેશમાં, કરવા પ્રભુની વાત ।
ભેખ અસુર ભેળા થઈ, માંડ્યો અતિ ઉતપાત ॥૪॥

ચોપાઇ- ભેખધારી તે દ્વેષ કરે છે, કહે સ્વામીના સાધુ ફરે છે ।
તેને મરાવી નાખીયે જ્યારે, થાય આપણને સુખ ત્યારે ॥૫॥
માટે સહુ મળીને વિચારીયે, એના મોટા મોટાને મારીયે ।
મુક્તાનંદ આદિ જે મોટેરા, છે અધિકારી સતસંગ કેરા ॥૬॥
મોરથી એનો આણિયે અંત, તો સહુ થાયે આપણે નચિંત ।

પછી અમદાવાદને માંઇ, સ્વામી મુક્તાનંદ હતા ત્યાંઇ ॥૭॥
તેને આપિયું હળાહળ વિષ, પાપીયે પરસાદિને મિષ ।
તિયાં શ્રીહરિયે કરી સહાય, પ્રસાદી ન મેલી મુખમાંય ॥૮॥
પણ ચંદનમાં હતું મૃત, તેતો ચર્ચિયું અંગમાં તુર્ત ।
અતિ આકરું ઝેર છે જેહ, સ્પર્શે રહે નહિ કેનું દેહ ॥૯॥
તેતો ચર્ચ્યું મુક્તાનંદ તને, તિયાં સહાય કરી ભગવને ।
મુક્તાનંદને ન આવ્યો આલ, ગઇ ચર્ચનારા કરખાલ ॥૧૦॥
જેણે નજર ભરી જોયું એજ, તેનું ક્ષીણ થયું નેણતેજ ।
એવું હળાહળ વિષ ભારી, તેથી મુક્તને લીધા ઉગારી ॥૧૧॥
એમ શ્રીહરિએ કરી સાર, મુક્તાનંદજીની વાલે વાર ।
બીજી વાત કહું એક વળી, સહુ મુદિત થાશો સાંભળી ॥૧૨॥
મોટી મંડળી બાંધી મહંત, ગયા સુરત શહેરમાં સંત ।
અતિ ત્યાગી ધન ત્રિયાતણા, જ્ઞાની ધ્યાની ને ભજની ઘણા ॥૧૩॥
મુમુક્ષુને મેળવે મહારાજ, આપી ઉપદેશ કરે કાજ ।
બીજે ભેખે ભર્યું સારુ શહેર, જેને ધર્મ દયા નહિ મહેર ॥૧૪॥
તેણે સાચા સંતને સાંભળી, ભેખ ઉઠ્યા ઠામો ઠામ બળી ।
અતિ દ્વેષે વસાવિયું વેર, આપ્યું ભિક્ષાની ઝોળીમાં ઝેર ॥૧૫॥
ખાધું ષટદશ સંતે મળી, જમતાં વેંત પડ્યા ભોંયે ઢળી ।
મળ્યો કંઠ પડી જીભ ટુંકી, નાડી સહુની ગઇ ઘર મુકી ॥૧૬॥
તેહ સમે આવ્યા મહારાજ, વિષ જનનું વાળવા કાજ ।
આપ્યાં અલૌકિક દરશન, નિરખી જન થયા છે મગન ॥૧૭॥
હતું વિષનું દુઃખ અપાર, નાથ નિરખી ન રહ્યું લગાર ।
એમ ઉગારિયા નિજજન, આપી પરચો એ ભગવન ॥૧૮॥
વળી વાત એક સુણો સહુ, સંત સહાય કરે હરિ બહુ ।
એક ગામ નામે જલસેણ, તિયાં સંત ગયા સુખદેણ ॥૧૯॥
કરે હરિ કથા કરી પ્રીત, અતિ તને ત્યાગી ઇંદ્રિજીત ।
દિયે મોક્ષ મારગ દેખાડી, સત્ય અસત્ય વિગતિ પાડી ॥૨૦॥

એવા દેખી સાધુ શિરોમણિ, થઈ દુષ્ટ દલે દાઝ્ય ઘણી ।
આતો ખરા વેરી છે આપણા, જાય જીવથી તો ન રહે મણા ॥૨૧॥
પછી પાપી નરે પરિયાણ્યું, મુનિ મારવાને વિષ આણ્યું ।
મુકી રાખ્યું તે અન્નમાં મેલી, નાખ્યું ઝોળીમાંહિ ઝેર ભેળી ॥૨૨॥
ખાધું સંત મળી વળી ચારે, પડ્યું પેટમાંહિ ચડ્યું ત્યારે ।
અતિ વિષ આકરૂં અગાધ, ખાતાં વેંત રહિ નહિ સાધ ॥૨૩॥
નીલા કાચસમ થઈ કાયા, આવી મુઝ્ય ને સંત મુઝાયા ।
રૂંધ્યો કંઠ બોલી બંધ થઈ, ઉગરવાની આશા ન રહી ॥૨૪॥
કરે અંતરમાંહિ ભજન, આવો અંતકાળે ભગવન ।
એકવાર દરશન દીજે, સ્વામી સાર સેવકની લીજે ॥૨૫॥
એમ કહેતાં આવ્યા અવિનાશ, પ્રભુજી સંત પોતાના પાસ ।
આવ્યા અલૌકિકરૂપે આપ, હર્યો સંતનો તર્ત સંતાપ ॥૨૬॥
વિષ વાળી દિધું દરશન, નિરખી જન થયા પરસન ।
કહે ધન્ય ધન્ય મહારાજ, તમે મૃત્યુથી ઉગાર્યો આજ ॥૨૭॥
તમે આવત નહિ આવાર, અમે ચાલ્યા હતા સંત ચાર ।
એમ કહીને લાગિયા પાય, ધન્ય નાથ કરી તમે સાય ॥૨૮॥
એમ ઉગારિયા નિજજન, પૂર્યો પરચો એ ભગવન ।
જેહ સંતને આપ્યું આનંદ, તેનું નામ છે આતમાનંદ ॥૨૯॥
વળી વાત કહું કરી વિવેક, સ્વામી અનંતાનંદની એક ।
ગયા ફરવા કરવા વાત, પ્રભુ પ્રકટની તે સાક્ષાત ॥૩૦॥
શહેર બુરાનપુરમાં જઈ, કરે વાત પ્રભુની ત્યાં રઈ ।
એક દિવસે સંત બેચ્યાર, ગયા નાવાને તાપી મોઝાર ॥૩૧॥
ભોળા સંત પડ્યા પૂરમાંઈ, જેને સાન ગમાન ન કાંઈ ।
પાણી અથાહ વહે ભમરી, પડ્યા તે મધ્યે ન જાણે તરી ॥૩૨॥
લીધા ભમરીયે ઘાલ્યા તળે, જેમાં આવ્યો કોઈ ન નિકળે ।
તેહમાંહિ રહ્યા ઘડી ચ્યાર, આવ્યા વાલમ કરવા વાર ॥૩૩॥
મનોહર સુંદર મૂરતિ, છબી નૌતમ અલૌકિ અતિ ।

દિધું જળમાંહિ દરશન, નિરખી હરખિયા નિજજન ॥૩૪॥
પછી ઉછાળિ કાઢિયા બહાર, એમ કરી સેવકની સાર ।
આવ્યા આરે પૂછે મળી જન, મોટું આશ્ચર્ય રહ્યું જે તન ॥૩૫॥
કહે અનંતાનંદ એ ખરું, આજ નિશ્ચે નોતું જે ઉગરું ।
કરી મહારાજે મારી સહાય, કાઢ્યો નાથે મને ઝાલી બાંય ॥૩૬॥
વળી દરશન દીધું અલૌકિ, આપે ગયા આરે મને મૂકી ।
ત્યારે સહુ કહે ધન્ય ધન્ય, પામ્યા પરચો તમે સાધુજન ॥૩૭॥
એમ જળથી જન ઉગાર્યો, મહાદુઃખમાંથી તર્ત તાર્યો ।
એવા પરચા લાખ હજાર, પ્રભુ પૂરે છે વારમવાર ॥૩૮॥
કહેતાં લખતાં ન આવે અંત, જે પામ્યા છે પ્રભુજીથી સંત ।
ઘડિઘડિ પળપળમાંય, સ્વામી કરે સેવકની સાય ॥૩૯॥
એમ નાથ ન કરે જો વાર, પડે વિઘ્ન તો લાખહજાર ।
દેવ દાનવ પશુ પનંગ, ભૂત પ્રાણી નર ધર અંગ ॥૪૦॥
એવા વિઘ્નથી ઉગારે આપ, ધન્ય ધન્ય પ્રભુનો પ્રતાપ ।
જે જે આપ્યું જનને આનંદ, કહ્યું ન જાય નિષ્કુળાનંદ ॥૪૧॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામી તથા આત્માનંદ સ્વામી તથા અનંતાનંદ સ્વામી એ આદિને પરચા પૂર્યા એ નામે એકસો ને પાંત્રિશમું પ્રકરણમ્।૧૩૫।